# સુરત મહાનગરપાલિકા

રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, મહાનગરપાલિકા કચેરી, તાપીપુરા, સુરત.


**તા.૧૬/૦૯/૨૦૨૬**

## <u>ઉમેદવારોએ ધ્યાને લેવા જોગ સુચના</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા ક્રમાંક : પી.આર.ઓ./૭૩૯, તા.૧૧/૦૩/૨૦૨૬ થી વિવિધ સંવર્ગોની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે સંવર્ગો પૈકી નીચે જણાવ્યા મુજબ ત્રીજી શ્રેણી કલાર્ક સંવર્ગ માટે ભરતી પ્રક્રિયાના ભાગરૂપે ઓનલાઈન સફળતાપૂર્વક અરજી કરેલ એવા તમામ ઉમેદવારોની લેખિત પરીક્ષા આગામી તા.૧૧/૧૦/૨૦૨૬ના રોજ સુરત, અમદાવાદ તથા રાજકોટ શહેરમાં યોજાનાર છે. જેની તમામ સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

| ક્રમ નં. | કેડરનું નામ | લેખિત પરીક્ષાની તારીખ |
|---|---|---|
| ૧. | ત્રીજી શ્રેણી કલાર્ક | ૧૧/૧૦/૨૦૨૬ |

વધુમાં, ઉપરોકત યોજાનાર લેખિત પરીક્ષા સંદર્ભે પરીક્ષાનો સીલેબસ,પરીક્ષા અન્વયે ઉમેદવારો માટેની સુચના (FAQs) વિગેરે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર અગાઉ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે ઉપરાંત, સદર પરીક્ષા માટે પરીક્ષા કેન્દ્રનું સ્થળ, સમય વિગેરે માહિતી ઉમેદવારોને ઓનલાઈન કોલ લેટર મારફત જણાવવામાં આવશે.

ઉકત કેડરોની જગ્યા માટે અરજી કરનાર દિવ્યાંગ ઉમેદવારો પૈકી જેઓ Blindness, Cerebral Palsy કે Locomotor Disabilities (affecting writing ability) ની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય તેઓને લહિયા(Scribe) ની સુવિધા આપવામાં આવશે. આ ઉપરાંત, અકસ્માત થયેલ અથવા અન્ય કોઈ કારણોસર અસ્થાયી રૂપે (Temporary) દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પણ લહિયાની સુવિધા આપવામાં આવશે. લહિયા માટે ઉકત મુજબની Permanent Disability ધરાવતા દિવ્યાંગ ઉમેદવારે તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં સુરત મહાનગરપાલિકાના રીક્રુટમેન્ટ વિભાગને લેખિતમાં / ઈ–મેઈલ (recruitment@suratmunicipal.org) મારફત અરજી કરી (બિડાણ રૂપે સીવીલ સર્જનનું સર્ટીફીકેટ અને/અથવા UDID પ્રમાણપત્ર સહિત) જાણ કરવાની રહેશે. લહિયા ઉમેદવારને સામાન્ય પરીક્ષાર્થી કરતા પ્રતિ કલાક દીઠ ૨૦ મીનીટ વધારાનો સમય મળવાપાત્ર રહેશે.

**નોંધ : જે દિવ્યાંગ ઉમેદવારોએ અગાઉ ત્રીજી શ્રેણી કલાર્ક સંવર્ગ માટે લહિયાની સુવિધા માટે અરજી કરેલ હોય, તેઓએ ફરીથી અરજી કરવાની રહેશે નહી.**

સહી/–
એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર(આર.)
સુરત મહાનગરપાલિકા